# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૨ • અંક : ૫૩ • સળંગ અંક : ૧૦૪ • તા. ૬ જૂન ૨૦૨૦ થી ૧૨ જૂન ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# V.L.V.G. ની પ્રશંસનીય પહેલ :

# શિક્ષણ સંકુલ માનવસેવા માટે સમર્પિત



# ઝૂડો

જેડલ! મુંજો ઝૂડો મુંજી ભેઠતેં ઝૂલ,
ભેઠતેં ઝૂલે હીયેં હેઠ તો ઝૂલ. જેડલ....
મુંજો ઝૂડે જેડલ સત-સત રે ચાવીઉં,
ચાવીએં ચાવીએં ખજાનું ખુલે. જેડલ...
પેલી ચાવીમેં સોરો કુછે સનેં સડસે,
બિંઈ ચાવીમેં સસ છાંઈ થી છિલે. જેડલ...
ત્રઈ ચાવીમેં જેઠ ઝરમર વરસે,
ચોથી ચાવીમેં જેઠાણી હેતસેં હલે. જેડલ...
પનઈં ચાવીમેં મુંજો ડેર મિઠો ડાવલો,
છઈં ચાવીમેં મુંજી ડેરાણી ડૂલે. જેડલ...
સતઈં ચાવીમેં મુંજી મોંઘેરી મિલકત,
ધિંલજો ધુલારો કેર કંથડો ભુલે. જેડલ....

- કવિ 'તેજ'



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# સુખની શોધ

સુખ એટલે શું? એની વ્યાખ્યા પ્રત્યેક વ્યક્તિના અલગ અલગ હોવાની. સૌની દ્રષ્ટિમાં સુખ એટલે શારીરિક સારું સ્વાસ્થ્ય, ભૌતિક સુખ સગવડ, ધનની રેલમછેલ. કૉક માટે સુખ એટલે રહેવા માટે પોતાનો આવગો બંગલો, તો કોઈક માટે સ્કાયસ્કેપર બિલ્ડીંગના ટોચને માળે ફ્લેટ હોવો, તો કોઈકને માટે જીંદગીભર ગુજારા માટે કાળી મજૂરી પછી પાછલી અવસ્થામાં નિરાંતનો માહોલ. આમ દરેકની દ્રષ્ટિએ સુખ પામવાની અલગ પરિસ્થિતિ અનેક કલ્પના હોવાની.

મહાનગરની ભાગ દોડ ભરી જિંદગીમાં સવારના વહેલી લોકલ ટ્રેન પકડી મોડી રાતે ઘેર પહોંચનારને ક્યારે નિરાંત માણવા મળે એ સુખની પળ પોતાની ક્યારે મળશે એની એષણા હતી. ત્યારે હાલમાં જ સમગ્ર દેશમાં કોરોનાના કેરમાં લોકલ ટ્રેન, બસ, રીક્ષા ઈવન બજાર, સ્કૂલ, મંદિર, મસ્જિદ બે અઢી માસ સુધી બંધ રખાયા. દેશના એક એક નાગરિકને આમ ઘરે રહેવાનો ચોવીસ કલાક ઘરમાં જ કેદ રહેવાનો માહોલ મળ્યો. ત્યારે શરૂઆતમાં સૌને નિરાંત આરામની પળો મળવાનું સુખ લાગ્યું. પણ પછી આ સુખનો સમય પણ આકરો પડવા લાગ્યો. આમ પહેલાં નિરાંત-આરામની પળો માણવા મળે તો સુખ લાગતું હતું. એ પછી સતત નવરાશની પળો મળી. પરિવાર સાથે ક્યારે ન રહેવા મળ્યું હોય એવો માહોલ મળ્યો ત્યારે આ સુખ આકરું લાગ્યું. સજા રૂપી થઈ ગયું. આમ આવી રીતે સુખની શબ્દાવલી પ્રત્યેક ઘડીએ સૌને માટે અલગ અલગ થવાની.

હકીકતે સમજીએ તો સવારના પહોરમાં સૂર્યના કિરણો અવની પર આવે ત્યારથી પ્રામાણિક રીતે વિચારીએતો દરરોજ આપણને કેટલાં બધાં નાના મોટા સુખ આપી દિવસ દરમ્યાન મળતાં રહે છે. અતિ મોટું જો સુખ હોય તો એ છે કે અનિત્ય સંસારમાં આપણને આજનો દિવસ જોવા મળ્યો અને જીવવા મળ્યો. પથારીમાંથી ઉઠ્યા બાદ આપણી મોટાભાગની જરૂરિયાતો વિના વિઘ્ને સંતોષતી રહી આ પણ એક જાતનું સુખ નથી શું? આપણે અન્યો પાસેથી સુખ મળે, સંતોષ મળે એ અપેક્ષા રહેવાની પણ આપણે પણ એમને સુખ આપવાનો છે એ ફરજ ભૂલી જતાં હોઈએ છીએ. મોટાભાગના લોકો આ ફરજ યાદ રાખતા નથી. આ માત્ર લેવાના અધિકારી થયા આપવાના નહીં એવું થયું.

આપણા પરિવારજનો પત્ની કે પુત્રી આપણને વગર માંગે જોઈતું આપે, ચા-નાસ્તો જમવાનું આપો આપ પીરસી દે ત્યારે ક્યારે એમને પણ અણધાર્યો આંચકો આપી તેમની ખિદમત કરીએ તો તેમને કેટલો આનંદ સુખ મળે? આ અવળી ગંગા જો વહે તો તેમના દિલમાં કેવો આનંદ પ્રસરે અને એમને આનંદિત જોઈને આપણને પણ સુખની પળો માણવા મળે. આમ આ ઘટના ભલે નાની લાગતી હોય પણ એની અસર અઢળક મળે. માત્ર પૈસા મળવો આનંદ નથી ભોગ, વિલાસએ પણ સુખ નથી. અન્યના ચહેરા પર આપણા કારણે મલકાટ જોવા મળે એ પણ એક જાતનું સુખ છે. એ ભાવના કેળવીએ તો પ્રત્યેક પળે આપણને સુખ મળતું રહેવાનું.

- જયજ્ઞાતિમૈયા

# કચ્છમાં કેડીઓ ઈન્ટરનેશનલ સેન્ટરનું સ્વપ્ન સાકાર કરવા આગળ વધીએ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

મારા બધા કેડીઓ ભાઈઓ અને વડીલો,

સમસ્ત મહાજનના જ્ઞાતિ મહાસંમેલનને દોઢ વર્ષ જેટલો સમય થયો. જ્યારે આજે કોરોનાના કપરા દિવસોમાં આપણે દુર્લભ અને મુશ્કેલી ભર્યા સમયમાં પસાર થઈ રહ્યાં છીએ. તે છતાં આપણે આપણા લક્ષ્ય ભણી આગળ વધી રહ્યાં છીએ. એક સંપ કરી કામ પણ કરી રહ્યાં છીએ. ઘણી સંસ્થાઓ અને આપણે એકબીજાને મદદ કરી રહ્યાં છીએ ત્યારે આ મોકો છે અગાઉ આપણે સેવેલ સ્વપ્નને યાદ કરવાનો.

દોઢ વર્ષ પહેલાં આપણે સૌ એ સ્વપ્ન જોયું હતું કેડીઓ ઈન્ટરનેશલ સેન્ટર કચ્છ ખાતે ઊભું કરવાનું. જ્ઞાતિ મહાસંમેલનમાં એની રૂપરેખા દર્શાવી હતી એ સ્વપ્ન સાકાર કરતી રૂપરેખા દર્શાવતી એક નાનકડી વિડીયો કલીપ ઝાંખી રીલીઝ કરી છે.

આજના સમયે કચ્છમાં આટલા બધા ઈન્ડસ્ટ્રીયલ પાર્ક. બિઝનેસ હબ બનાવવાની જાહેરાત થઈ રહી છે. ત્યારે કેમ નહીં આપણે કેડીઓ ઈન્ટરનેશનલ સેન્ટરને એક સાચું સ્વરૂપ આપીએ. જે પણ જ્ઞાતિ ભાઈ-બહેનો, મહાસમિતિના મેમ્બરો, મહાજનના પ્રમુખ, ટ્રસ્ટબોર્ડના ચેરમેનો કે જનરલ કચ્છમાં વેપાર સાહસ ઊભું કરવા ઈચ્છતા સૌ સમસ્ત મહાજનના ઈમેલ ઉપર પોતાની વિગત લખે પોતાની વોલિન્ટરીશીપ નોંધાવે. જેથી આપણે એક સુંદર વિશાળ અને ભવ્ય કેડીઓ ઈન્ટરનેશનલ સેન્ટરનું આયોજન કેવીરીતે સાકાર થઈ શકે એનું વિચાર તો શરૂ કરીએ.

બે વિડીયો ક્લીપ છે. એક કેડીઓ ઈન્ટરનેશનલ સેન્ટર અને સમસ્ત મહાજનની સંપુર્ણ સંમેલનની વિડીયો ક્લીપ. આ બંન્ને અલગ અલગ ક્લીપ છે. જેને જરૂર જોશો. Stay Safe, Enjoy & Behappy


JAYMAN KHONA - 9869473339

anmol COLLECTION

ART & FRAMES

ORIGINAL PAINTINGS | CUSTOM FRAMING
FINE ART MATERIALS

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Mob.: +91 98692 73314 | Tel.: +91-22-2579 2122
Email : info@anmolartframes.com
/anmolartnframes

LARIN KHONA - 9820193339

Anmol Balaji Broking
Estate and Investment Consultant

MAHARERA ID : A51800000364

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Off.: +91 98692 83338
Email : anmolbalajibroking@gmail.com
/anmolbalajibroking

# V.L.V.G.ની પશંસનીય પહેલ : શિક્ષણ સંકુલ માનવસેવા માટે સમર્પિત



કોરોના વાયરસએ સર્જેલું સંકટ સૌને માટે કપરી પરિસ્થિતિ સર્જ્યું છે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, સ્થાનિક વહીવટ તંત્ર, સમાજની સંસ્થાઓ, નાના મોટા સેવા સંગઠનો બહાર આવી પોતાનાથી થાય એટલી મદદ લોકોને, બીમારોને, પૂરી પાડી સેવા ફરજ બજાવી રહી છે. આમ આ રીતે સરકારી તંત્રોને મદદરૂપ થાય છે. કોવિડ-૧૯ની આ આકસ્મિક આવેલ આફત કંઈ જલદી પૂરી નહીં થાય. જાહેર રીતે અઢી માસ ઉપરાંત દિવસોથી સૌ એની સામે લડી રહ્યાં છે. તેનો અંત ક્યારે આવશે તે પણ કોઈ કહી શકતું નથી. રાષ્ટ્રીય આફત તરીકે ઘોષિત આ સંકટ એક એક વ્યક્તિને, પરિવારને, નાના મોટા વેપાર ઉદ્યોગ, ટ્રસ્ટ, મંદિર સંચાલન બોર્ડને, સોસાયટી, શાળા, કોલેજ ઉપરાંત સરકારી તંત્રોનું બજેટ ખોરવી દેશે. આ સંકટકાળ પહેલાનો સમય અને પછીનું સમય, જનજીવન, વ્યવહાર અને જીવનશૈલી બદલી દેશે.

ખેર, આ અનુભવની અસર, તેનું પરિણામ અકલ્પનીય અને આઘાતજનક રહેશે એટલું નક્કી.

આ મહામારી સામે લડવા સ્થાનિક તંત્ર સૌની મદદ માંગી રહ્યું છે. તો કોઈ સામે થઈ પોતાની પાસેના સંસાધનો, સગવડો, સરકાર આ રોગ માટે ઉપયોગ કરી શકે એ માટે સોંપયા છે. આ વાયરસનું સંક્રમણ ચેપી હોવાને કારણે એકબીજાના સંપર્કમાં આવવાથી જલદી ફેલાય છે. મુંબઈની ગીચ વસ્તી, સાંકડા ઘરો, ઝૂંપડપટીનો વિસ્તાર હોવાથી આ મહાનગરમાં કોરોના રોગીઓ એટલી ઝડપી વધી રહ્યાં છે કે સરકારી, ખાનગી હોસ્પિટલોના બેડ ઓછા પડી રહ્યાં છે. જેને લીધે હોટલ, ગેસ્ટ હાઉસ, વિશાળ હોલ, સ્ટેડિયમ ઉપરાંત જાહેર મેદાનોમાં અસ્થાયી હોસ્પિટલ ઊભી કરી રોગીઓની સારવાર માટે વ્યવસ્થા કરાઈ રહી છે. ડોક્ટરો, નર્સો, મેડિકલ સ્ટાફ ઓછો પડી રહ્યો છે.

આપણી ઘાટકોપર (પશ્ચિમ)ની પ્રતિષ્ઠિત હોસ્ટેલ એવી વીરજી લધા વિદ્યાર્થીગૃહ વીએલવીજીની પૂરી બિલ્ડીંગ કોરોના રોગના દર્દીઓ માટે સમર્પિત કરાઈ છે. સમાજનો સેવા માટે તેનો ઉપયોગ કરવા સ્થાનિક તંત્રને ઉમદા આશયથી અપાઈ તે ક્યાં સંજોગોમાં, કઈ પરિસ્થિતિ અને ક્યા નિયમો જળવાયેલા રહે એની ખાત્રી પછી અપાઈ એ જાણવા સમસ્ત મહાજનના ઈ-મેગેઝિન જ્ઞાતિમૈયા તરફથી મનિષા લાલકા વીએલવીજી સંચાલક મંડળના મેનેજીંગ ટ્રસ્ટી કમલેશભાઈ વિક્રમશીની મુલાકાત લીધી. તેના અંશો અત્રે પ્રસ્તુત છે.

**મનિષા લાલકા :** સૌ પ્રથમ તો આપણી હોસ્ટેલ એક સારા કામ માટે સરકારને સુપ્રત કરી છે એ માટે તમને અભિનંદન છે. આ સારો વિચાર છે અને તમે એનું અમલી કરણ કર્યું. જે ખરેખર ઉમદા ભાવના ભર્યું છે. કેડીઓ જ્ઞાતિ વતી આ ઉચ્ચ સર્મપણ છે. સૌ પહેલાં તો વિદ્યાર્થીઓ જે ત્યાં રહે છે એમનું સ્ટે હોમ છે. તેમની માટે કંઈ વ્યવસ્થા કરાઈ છે.

**કમલેશભાઈ :** લોકડાઉનની શરૂઆત થઈ જ્યારે કોરોનાનો સંક્રમણનો પ્રસાર થવાનો શરૂ થયો. ત્યારે જ સર્વે

# V.L.V.G.ની પશંસનીય પહેલ : શિક્ષણ સંકુલ માનવસેવા માટે સમર્પિત

વિદ્યાર્થીઓને તેમના માવિત્રોને સુપ્રુત કરી દીધા હતા. ત્યારથી પૂરી હોસ્ટેલ ખાલી થઈ ગઈ હતી. માત્ર જે ત્યાં સ્ટાફ રહે છે તે જ હતો.

**મનિષા લાલકા :** સરકારી તંત્ર તમને વાત કરી કે અમને આઈસોલેશન વ્યવસ્થા માટે હોસ્ટેલની જરૂરી છે. ત્યારે તેની પૂર્વ ભૂમિકા કઈ રીતે બની?

**કમલેશભાઈ :** ગર્વમેન્ટના બે કાયદા છે. એક ડિઝાયસ્ટર મેનેજમેન્ટ એક્ટ અને બીજો એપિડેમિક્સ એક્ટ. આ બન્ને કાયદા અંતર્ગત સરકારની પાસે ફૂલ ઓથોરેટી હોય છે કે ગર્વમેન્ટ અથવા સ્થાનિક સુધરાઈ કોઈપણ જગા લઈ શકે છે અને તેનો ઉપયોગ કરી શકે છે. અમને તેમનો ઓર્ડર આવ્યો હતો કે તમારી બિલ્ડીંગ અમને જોઈ છે.

ઘાટકોપરમાં મોટી હોસ્પિટલ છે હિંદુ મહાસભા નામની. એમણે આપણને એપ્રોચ કર્યો હતો કે અમારી પાસે કોરોના દર્દી ઓની સારવાર માટેના બેડની શોર્ટે જ છે. કોરોનાના પોઝિટીવ કેસની સારવાર હોસ્પિટલમાં થાય છે. પણ સારવાર થઈ ગયા પછી તેમની ટ્રીટમેન્ટ ચાલુ હોય એ પિરીયડવાળા દર્દીઓ નેગેટિવ આવ્યા બાદ પણ આઈસોલેશનમાં અમુક દિવસો રાખવા પડે ઓબર્ઝવેશન માટે સેવાઓ માટે અલગ વ્યવસ્થા હોય તો હોસ્પિટલના બેડ રોકાયેલા ન રહે. પોઝિટીવ લાઈવ પેશન્ટને હોસ્પિટલમાં જ સારવાર થાય છે. નેગેટિવ રીપોર્ટ આવ્યા પછીના ઓબઝર્વેશન પિરીયડવાળા દર્દીઓ હોસ્ટેલમાં રાખે છે. આમ વિદ્યાર્થીગૃહ પ્રિમાઈસીસમાં કોરોના પોઝિટીવનો કોઈ દર્દી નથી.

**મનિષા લાલકા :** દર્દીઓની સારવાર માટેના સાધનો, સુવિધા વગેરે માટે આપણી હોસ્ટેલમાં શું નવી સગવડ ઊભી કરાઈ છે? જે છે તે ઉપરાંત વધુ બેડ અપાયા છે?

**કમલેશભાઈ :** જેટલા રૂમ અને બેડ છે એ જ સંસ્થા પૂરા પાડ્યા છે. બાકી વધુ સાધનો હોસ્પિટલ તંત્રએ વસાવ્યા છે. બેડ રીએરેજમેન્ટ કરી વધુ બેડ કર્યા એ બધી સુવિધા ઈકવીટમેન્ટ હોસ્પિટલ દ્વારા લેવાયા છે. બાકી એવી અંડરસ્ટેન્ડિંગ કરાઈ છે કે જ્યારે તેઓ આ બિલ્ડીંગ ખાલી કરશે ત્યારે વપરાયેલ ગાદલા કવર, બેડશીટ બધા નાશ કરાશે અને નવા વસાવાશે. તેની કોસ્ટ રીમ્બસ થશે.

**મનિષા લાલકા :** આ બધી સગવડ વાપરવા કંઈ ટોકન રકમ ચૂકવાય છે?

**કમલેશભાઈ :** કોઈ પેમેન્ટ નથી કરતાં પણ છેલ્લે કઈ ચેરિટી રકમ આપશે. હિંદુ મહાસભા હોસ્પિટલ પણ ચેરિટી હોસ્પિટલ છે. આપણું બિલ્ડીંગ, ફર્નિચર, ઈલેક્ટ્રિકસીટી વપરાય છે, પાણીનો વપરાશ એ બધાની કોસ્ટ પાછળથી રીમ્બસ કરશે. કંઈ ક્ષતિ નુકસાની થશે. તો આપણે ક્લેઈમ કરીશું. છેલ્લે સેન્ટાઈઝેશન કરી આપશે. આ પ્રક્રિયા અત્યારે પણ શરૂ જ છે. પણ પછી મોટી રીતે એ કરાશે.

**મનિષા લાલકા :** દર્દીઓને ખાવા પીવા માટે કીચનનો ઉપયોગ થાય છે?

**કમલેશભાઈ :** ના, કીચનનો ઉપયોગ નથી થતો. તેને આપણે લોક કરેલ છે. માત્ર ચોથો, પાંચમો, છઠો અને સાતમો માળ તેમને સોંપ્યા છે. નીચેના માળ સદંતર લોક કરી આપણા હસ્તક છે. હોસ્પિટલ પોતાના કીચનમાંથી ભોજન બનાવી અત્રે લાવી દર્દીઓને આપે છે. આપણું કીચન સદંતર બંધ જ છે.

**મનિષા લાલકા :** હોસ્ટેલ કોરોનાની સારવાર માટે અપાઈ ત્યારે આજુબાજુના બિલ્ડીંગવાળાઓને કોઈ ઓબઝેશન હતું? તેઓનો નેગેટિવ એપ્રોચનો સામનો કરવો પડ્યો?

**કમલેશભાઈ :** હા, વિરોધ થયો હતો પણ આપણને નહીં પણ મ્યુનિસિપલ ઓથોરેટીને, પોલીસતંત્રને અને સ્થાનિક ધારાસભ્ય પરાગ શાહને માટે હતો. આપણે બધી આ સુવિધા સોંપી એ ધારાસભ્યની સાથે કન્સલટીંગ

# V.L.V.G.ની પશંસનીય પહેલ : શિક્ષણ સંકુલ માનવસેવા માટે સમર્પિત

કરીને પછી આપી હતી. આપણી બિલ્ડીંગ તેમની કાં. મન ઈન્ફ્રા એ જ બાંધી છે. એટલે બિલ્ડીંગનો આખો નકશો એમની મગજમાં હતો. તેઓ, સુધરાઈના અધિકારો જાતે સ્થળને મુલાકાત લઈ નક્કી કરતા હતા. ત્યારે આજુબાજુના રહેવાસીઓ તેમને પ્રોટેસ્ટ કર્યો અને સમજાવ્યું કે આ રહેણાંક વિસ્તાર છે. અહીં કોઈ કોરોના સંક્રમણનો કોઈ રોગી નથી અને આને લીધે અમને સૌને મુશ્કેલી થશે. બાકી ટ્રસ્ટીઓની સામે, સંસ્થા સામે કોઈને વાંધો ન હતો. બાકી ગર્વમેન્ટનો ડિસીઝન હતો એટલે કોઈની આર્ગ્યુમેન્ટ ન ચાલી. પોલીસ ટીમ પણ એ વખતે ત્યાં હાજર હતી અને અમુક જણ ઉપર એફઆરઆઈ પણ કરી હતી. આ બધું પ્રથમ દિવસે થયું પણ પછી શાંત થઈ ગયું.

આ મહામારી એટલી મોટી છે કે મોટા મોટા મેદાનોમાં હોસ્પિટલની વ્યવસ્થા કરવી પડી છે. ચોમાસું માથે છે ત્યારે કેટકેટલી અસુવિધા સૌને ભોગવી પડશે જેની કોઈ કલ્પના ન થઈ શકે. દિવસો દિવસ કોરોનાના કેસ વધવાના છે. જેમ જેમ અનલોક થતું જશે. દિવસો દિવસ વધુને વધુ છૂટછાટ અપાશે તેમ તેમ સાચી પરિસ્થિતિ જાણવા મળશે. ફેક્ટરી, ઓફિસો, દુકાન બજારો ખૂલયા છે. બસ રીક્ષા, ટેક્સીઓ, વાહનોની અવરજવર શરૂ કરાઈ છે. આમ હવે તેનો પીક પિરીયડ શરૂ થશે. આમ ય બધી હોસ્પિટલનો બેડ ફૂલ છે. આવી પરિસ્થિતિમાં જો આપણે બિલ્ડીંગ સરન્ડર ન કરત તો તંત્ર બળજબરીથી કબજો લઈ લેત. એક્ટનો જો અમલ સખ્તાઈ કરે તો કોઈનો વિરોધ ચાલી ન શકે.

**મનિષા લાલકા :** હવે બધું ઓપન થાય છે. જ્યારે સ્કૂલ, કોલેજો ચાલુ થશે ત્યારે આપણા વિદ્યાર્થીઓને શું વ્યવસ્થા કરાશે? શું ત્યારે હોસ્ટેલ વિદ્યાર્થીઓ માટે બંધ રાખશો?

**કમલેશભાઈ :** હોસ્પિટલ સાથે એવી અંડર સ્ટેન્ડિંગ થઈ છે કે જ્યારે આપણને વિદ્યાર્થીઓને માટે જરૂર પડશે ત્યારે તેઓ તુરંત ખાલી કરશે. આપણી સંસ્થા વિદ્યાર્થીઓની સુવિધા-સગવડ માટે છે જે આપણે પ્રાધાન્ય ફરજ છે. સ્કુલ, કોલેજો શરૂ થશે એટલે હોસ્ટેલ ચાલુ કરવી પડશે ત્યારે તેમને આપણે નોટિસ આપશું કે હવે અમને કબજો આપો. હોસ્ટેલ ખાલી કરો. અમારા વિદ્યાર્થીઓ માટે એટલે ફૂલ સેનીટેઈઝેશન કરી, નવા ગાદલા, કવર, બેડશીટ વિગેરે વ્યવસ્થા કરીને પછી વિદ્યાર્થી ઓને એમાં રાખીશું.

આ અન્ડસ્ટેન્ડિંગ હોસ્પિટલ સાથે છે. સામે સુધરાઈનો તંત્ર નથી એટલું સારૂં છે. મ્યુનિસિપાલિટી ડાયરેક્ટ પોતાની હકુમત ચલાવી જો કબજો લઈ ધારાવીના દર્દીઓને પણ સારવાર માટે લાવી રાખી શકે. તો શું હાલત થાય? મ્યુનિસિપાલિટીની અંડરમાં ફર્નિચર, બિલ્ડીંગમાં પણ ઘણું નુકસાન થયું હોત. જેમાંથી બચી ગયા એ આપણા નસીબ.

**મનિષા લાલકા :** આપણી હોસ્ટેલ સારી સંભાળી રાખી બની છે, મેઈનટેન થાય છે જો એમાં કંઈ નુકસાન થાય એ મોટી ક્ષતિ ગણાય.

**કમલેશભાઈ :** હા, એ બધું ધ્યાન રાખી વિચારી સમજીને નિર્ણય કરાયો છે. ગર્વમેન્ટના ઓર્ડર સામે કોઈ પડકારી ન શકાય. અત્યારે ભલે સાર્વજનિક રીતે આપણી બિલ્ડીંગ વપરાય છે પણ સારી રીતે બધું ચાલે છે. આપણા સ્ટાફમાંથી એક જણ ત્યાં રહે પણ છે. ટાઈમ ટુ ટાઈમ વિઝીટ લઈ બધું નિરીક્ષણ રખાય છે. સ્થાનિક ધારાસભ્ય પરાગ શાહની ટીમ તેમના કાર્યકરો પણ ઉત્તમ રીતે સંભાળ લઈ રહ્યાં છે. શરૂમાં જ એ કહી દેવાયું હતું કે નોન વેજ કોઈ આઈટેમ ન આવવી જોઈએ અને હોસ્પિટલ પણ એગ્રી થઈ છે કે બહારનું કંઈ બનાવી નથી પીરસાતું બધા ખોરાક હોસ્પિટલના રસોડામાં તૈયાર કરી અહીં પિરસાય છે. આમ બધી કન્ડીશન બરોબર ફોલો થઈ રહી છે.

**મનિષા લાલકા :** કમલેશભાઈ, દેશ પરના આ મહાસંકટ કાળમાં આપણી એક ગૌરવભારી બિલ્ડીંગ સેવાને માટે સમર્પિત કરી છે. આપણા સંસ્કાર ઉદેશો જળવાઈ રહે એની કાળજી રાખીને સાર્વજનિક રીતે ઉપયોગ થાય એનું ધ્યાન રાખયું છે. તમે સ્પષ્ટ રીતે સૌ પ્રશ્નોના ઉત્તર આપી હકીકત સમજાવી એ માટે આભાર.

**કમલેશભાઈ :** મનિષાબેન તમે પણ રસ ધરાવી જ્ઞાતિ સમાજ હકીકત સમજી શકે એ માટે માહિતી માગી સવાલ પૂછ્યા. આપની જિજ્ઞાસા માટે પણ આભાર, ધન્યવાદ.

# ઓનલાઈન સામૂહિક નવકાર મહામંત્ર જાપ અવસરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદય સાગરસૂરિશ્વરજી મ.સા.નો અનુમોદના સંદેશ

તા. ૩૧ મે રવિવારના સવારના ૮.૪૧ કલાકથી વિવિધ જૈન સંસ્થાઓના ઉપક્રમે ઓનલાઈન સામૂહિક નવકાર મહામંત્ર જાપ જેમાં દિગબંર, શ્વેતાંબર, સ્થાનકવાસી, તેરા પંથના સૌ પ્રથમવાર સાથે મળીને નવાણું કરોડ, નવાણું લાખ, નવાણું હજાર, નવસો નવાણું મંત્રજાપ કરશે. આ ભવ્ય પ્રોગ્રામ ઓનલાઈન લાઈવ INWW.facebook.com/navkar pariwer ઉપર જોડાઈ સહયોગી થઈ શકાશે.



આ ભવ્ય અને અલભ્ય આયોજન પ્રત્યે શ્રી યશોધન વર્ધમાન બોંતેર જિનાલય તીર્થે બિરાજમાન અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદય સાગરસૂરિશ્વરજી મ.સા.એ હસ્તપત્ર તેમજ વિડીયો સંદેશ દ્વારા શુભેચ્છા સહઅનુમોદના પાઠવી છે. જે નીચે વિગત મુજબ છે.

સુદેવ ગુરૂ ભક્તિવંત ધર્મારાધક સુજ્ઞશ્રી નવકાર પરિવાર પ્રતિ આનંદ ધર્મ લાભ. સૌ ધર્મકાર્યમાં સતત ઉદ્યમ શીલ હશો, રહેશો. તમો જે ૯૯,૯૯,૯૯,૯૯૯ નવકાર મહામંત્ર જાપ અભિયાન જાહેર કર્યુ સમાચાર હેમચંદ્રભાઈ દ્વારા મળ્યા. સમગ્ર વિશ્વમાં ફેલાયેલ મહામારી બિમારીને દૂર કરવા. નષ્ટ કરવા જે સામૂહિક નવકાર મહામંત્ર જાપનું અભિયાન માટે તમોને  જે વિચાર સ્ફૂર્યો એ ખૂબ જ સરસ આયોજન છે. શાસ્ત્રમાં જણાવેલ છે કે જ્યારે જ્યારે આવા મહામારી મરકી જેવા ઉપદ્રવોને શાંત કરવા માટે નવકાર મહામંત્રનું સ્મરણ-રટણ-જાપ જ તરણું છે. તમોએ આ એક જ સમયે એક દિવસે જે આયોજન ગોઠવ્યું છે. એમાં અમો પણ બધા જોડાશું, બધાને પ્રેરણા કરશું સમૂહમાં કરાયેલ ભક્તિકાર્યનું બળ અલૌકિક હોય છે.

વિશેષ આવા કાર્યની હાર્દિક અનુમોદના સહ. લિખિતંગ આ. ગુણોદય સાગરસૂરિના ધર્મલાભ.

# માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલાગૃહ ઉદ્યોગ પરિવર્તનના પગથારે

સ્વાદ અને શુદ્ધતા જેની ઓળખ છે એવો વર્ષો જૂનો વિશ્વાસુ નાતો ધરાવતો આપણો પોતીકો મહિલા ગૃહ ઉદ્યોગ વર્ષોનું વર્ષ પ્રગતિના પંથે ગતિમાન છે અને ગ્રાહક સાથે સંતોષ સાથેનો સ્નેહી નાતો ધરાવે છે. હવે સમય છે પરિવર્તનનો. જમાનાની માંગ છે તેનો ફલક વિસ્તૃત કરવાની. જેથી પારંપારિક પ્રતિષ્ઠા વધુને વધુ ગાઢ થાય તથા ઉચ્ચતમ શિખરે પહોંચે.

આ મંઝિલ લક્ષ રાખતા કેડીઓ યુવાન, યુવતીઓની જરૂર છે. જેઓ ઉત્સાહિત મહેનતુ અને જ્ઞાતિની મુલ્યનિષ્ઠા પરંપરામાં વિશ્વાસ ધરાવે છે. એમ.બી.એ. ડિગ્રી ધારી હોય. ફૂડ ઈન્ડસ્ટ્રીઝનો અનુભવ હોય કે આ લાઈનમાં રસ ધરાવતા હોય. નવીન વિચાર અમલમાં લાવી સફળતા ભણી ગતિ કરવા કાબેલ હોય. ટર્નઓવર અને નફાશક્તિમાં માઈલ સ્ટોન આપે અને ટીમ વર્ક દ્વારા ગૃહ ઉદ્યોગને ટોપ બ્રાન્ડ બનાવી શકવાનો આત્મવિશ્વાસ ધરાવતા હોય. એવા ખંતીલા, મહેનતુ અને વિશ્વાસુ વ્યક્તિ મુંબઈ મહાજન સાથે પ્રોફેશનલી જોડાઈ જ્ઞાતિની નારી શક્તિના શ્રમને ઉચ્ચાસને લઈ જવા રસ ધરાવતા ઈચ્છુકો પોતાની વિગત-રેઝ્યુમ anantnathderasar@gmail.com પર મોકલવી.

વિશેષ માહિતી જાણ માટે માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહઉદ્યોગ પ્રમુખ વીરેન્દ્ર ભવાનજી લોડાયા મોનં. ૯૮૨૧૦૭૩૮૩૦ ઈમેઈલ mahakaligum@gmail.com અથવા સંદીપ નવીનચંદ્ર લોડાયા મોનં. ૯૮૬૭૧૬૭૩૮૭ ઈમેઈલ stitsh_ell@hotmail.com નો સંપર્ક કરવો.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# તિરૂપુરમાં સેવા પ્રવૃત્તિઓ કરાઈ





કોરોના વાયરસને કારણે તિરુપુરમાં વાયરલ રોગનો ફેલાવો ટાળવા માટે સતિષ એચ. નાગડા અને તેમના મિત્રો રાત-દિવસ મહેનત કરી રહયા છે. સામાન્ય લોકો માટે ૨૦૦૦ જેટલા ફેસ માસ્ક, સરકારી હોસ્પિટલમાં કાર્યરત કર્મચારીઓ કલેક્ટર, ડીઆરઓ અને પીઆરઓ, પોલિસ ડેપ્યુટી કમિશ્નર, કોર્પોરેશન કમિશનરને ૨૫૦ જેટલા હેન્ડ ગ્લોવ્સ સેટ, ૪૦૦૦ જેટલા ફેસ માસ્ક,૧૦૦ જેટલા હેન્ડ સેનિટાઈઝર્સ આપ્યા.

તિરૂપુરના નીચાણવાળા વિસ્તારમાં લગભગ બે ફુલ લોડ ઈન્ફેક્શનની દવા છાંટવામા આવી. તિરુપુરના વિવિધ વિસ્તારોમાં ફૂડ પેકેટનું વિતરણ કરાયું. તિરુપુરમાં મે મહિનામાં રવિવારના બે સ્થળોએ રક્તદાનનું આયોજન કરાયું હતું. અનુક્રમે ૯૫ યુનિટ અને ૧૦૪ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું. રક્તદાન કરતા પહેલા કોરોના વાયરસના નિવારક પગલા તરીકે તમામ દાતાઓને ફેસ માસ્ક, સેનિટાઈઝેશન આપવામાં આવ્યું હતું તથા તમામ દાતાઓ માટે લંચની વ્યવસ્થા કરવામાં આવી હતી. સરકારી હોસ્પિટલ, તિરૂપુર અને થેલેસેમિયાથી પીડાતા બાળકો, નબળા દર્દીઓ માટે ડોકટરોની ટીમ દ્વારા લોહી એકત્રિત કરાયું હતું. એસોસિએશનના વાઈસ પ્રેસિડેન્ટ સતીશ એચ. નાગડા દ્વારા શિબિર માટેની તમામ વ્યવસ્થાની કાળજી લેવામાં આવી હતી.

શ્રી ગુજરાતી શુભેચ્છક મંડળ, તિરૂપુર દ્વારા પ્રાઈમમિનીસ્ટર રિલીફ ફંડ તથા તામિલનાડુના મુખ્યમંત્રી રિલેફ ફંડમાં કોરોના રિલીફ સહાય માટે રૂપિયા એક લાખની રકમ ડોનેટ કરાઈ છે.










**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી અનંતનાથ ટ્રસ્ટ સંચાલિત શ્રી આદિનાથ જિનાલય ભાંડુપના ૭૫મા વર્ષ પ્રારંભે ધ્વજારોહણ મહોત્સવ થયો







શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના અનંતનાથ ટ્રસ્ટ દ્વારા સંચાલિત ભાંડુપના શ્રી આદિનાથ જિનાલયનો ૭૪ વર્ષ પૂર્ણ થઈ પંચોતેર વર્ષના હીરકમહોત્સવર્ષના પ્રારંભે તા. ૧ જૂન ૨૦૨૦ સોમવારે સવારે ૯.૪૫ થી ધ્વજારોહણ મહોત્સવ અદ્‌ભૂત ભાવથી થયો.



આદેશ્વર અલબેલો રે... યુવા વિધિકાર ડૉ.હર્ષ દેઢિયાના સંગીતમય સ્વર-સંગીતનાદ સાથે ભક્તિપૂર્ણ કાર્યક્રમ યુ ટ્યુબ ઉપર લાઈવ રજૂ થયો.

આ અવસરે નરેન્દ્ર ચારુ, સંસ્કાર સામયિક મંડળ તરફથી ભાંડુપ નગર અનંત સિદ્ધિ પરિસર, કદઓ મુંબઈ મહાજન ટ્રસ્ટ, કદઓ જૈન ભાંડુપ સંઘને ૭૫મી સાલગિરાહના મંગલ પ્રવેશ પ્રસંગે સકલ સંઘને હૈયાના ઉછળતા ભાવે વધામણા અપ્યા હતા.



પ.પૂ. સાધ્વી શ્રી જયલક્ષ્મીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી જય દર્શિતાશ્રીજી મ.સા.ના પ્રેરણાથી માતુશ્રી પ્રેમિલાબેન પ્રમોદભાઈ વીરચંદ મોમાયા સાંયરાની પાવન સ્મૃતિમાં રશ્મિબેન કિલ્લોલ પ્રમોદભાઈ મોમાયા હસ્તે યશપાલ તથા રચિત ભાડુંપ પરિવાર તરફથી મૂળનાયક શ્રી આદિનાથજી દાદાને હિરાજડિત આંગી અર્પણ થઈ તે માટે ઉદારદિલ દાતા પરિવારની સંઘ તર્ફે ભૂરી ભૂરી અનુમોદના કરાઈ હતી.







# હાલાર પ્રદેશના નાની ખાવડી સંઘ જિનાલયનો પાંચમો ધ્વજારોહણ ઉત્સાહ-ઉમંગથી ઉજવાયો



તા. ૩ જૂન ૨૦૨૦ બુધવાર જેઠ સુદ ૧૩ના મંગલદિને હાલાર પ્રદેશના નાની ખાવડી સંઘના નૂતન ગૃહ જિનાલયમાં બિરાજમાન ત્રિલોકનાથ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુજીના જિનાલયનો પાંચમો ધ્વજારોહણ મહોત્સવ ઉત્સાહ ઉમંગથી વિવિધ ધર્મ આરાધનાઓ કરી ઉજવાયો.

ૐ પુણ્યમ, પુણ્યાહંમ પ્રિયમતામ, પ્રિયમતામના જયઘોષનો નાદ કરતાં સંઘના શ્રાવક શ્રાવિકોના ઉમંગ ઉત્સાહ સાથે સાદ પૂરાવતાં જામનગર જિલ્લા પંચાયતના સદ્સ્યાના પતિ અને ભાજપ અગ્રણીશ્રી પ્રદીપસિંહ જાડેજા તથા જામનગર કદઓ જૈન મહાજનના પ્રમુખ સુનિલભાઈ માણેકજી લોડાયાએ ભાવ પૂર્વક ધ્વજા લહેરાવી હતી.

તિલકચંદ્ર જે. ખોનાએ સ્નાત્ર પૂજા, સતર ભેદી પૂજા તથા ધ્વજા પૂજા સ્થાનિક ગામના પરિવારો તથા મોટી ખાવડીથી પધારેલ ભાવિકોની બહોળી હાજરીમાં વિધિપૂર્વક સંપન્ન કરાવેલ.

નાની ખાવડી જૈન સંઘની કાર્યકારી કમિટી અને ટ્રસ્ટીઓની ગેરહાજરીમાં સંઘનો આ મહામૂલો પ્રસંગ પોતાની ભવ્ય હાજરીથી દીપાવ્યો એ માટે તિલકભાઈ જે. ખોના અને સુનલિભાઈ માણેકજી લોડાયા અને પધારેલ સર્વે ધર્મ પ્રેમી અનુરાગી ભાઈ બહેનોનો નાની ખાવડી સંઘ કૃતકૃત થઈ આભાર માન્યો હતો.







# શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘ દ્વારા આદ્રા નક્ષત્ર અંગે માહિતી સુધારો

શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘ દ્વારા અચલગચ્છીય પંચાગમાં આદ્રા નક્ષત્ર મંગળવાર તા. ૨૩ જૂન ૨૦૨૦ રોજે પ્રવેશ કરે એ છપાયેલ છે. જે એક પ્રિન્ટીંગ ભૂલ છે. જેને સુધારીને આદ્રા નક્ષત્ર તા. ૨૧ જૂન રવિવારના સમય ૨૩-૨૯ મિનીટએ પ્રમાણી જાણવું. વાચવું અને માનવું.

આ દિવસથી એટલે તા. ૨૧ જૂનથી આદ્રા નક્ષત્ર પ્રવેશ કરે છે. એટલે કેરી ત્યાગ કરવી. આ મુજબ સુધારો કરવાની જાણ સકળ સંઘને અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘ દ્વારા કરાઈ છે.

# મોટી ખાવડી સંઘના તીર્થ શણગાર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી જિનાલયનો ૧૪૪મો ધ્વજારોહણ મહોત્સવ યોજાયો

હાલાર પ્રદેશના પ્રગટ પ્રભાવી મોટી ખાવડી સંઘમાં તીર્થ શણગાર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી જિનાલયના તા. ૧ જૂન ૨૦૨૦ સોમવારના શુભદિને ૧૪૪ મા ધ્વજારોહણની ધન્ય ઘડીની ઉજવણી ભાવપૂર્વક ધર્મ આરાધનાઓ સહિત કરવામાં આવી.



ધ્વજારોહણ લહેરાવવાનો લાભ માતુશ્રી સરોજબેન માણેકજી લોડાયા (ભાભાવારા) પરિવારએ ધૃત ૨૫૦૨ મણમાં લીધો તથા સ્નાત્રપૂજા, સતર ભેદી પૂજા તથા ધ્વજપૂજાની વિધિનો લાભ તિલકચંદ્ર જે. ખોના લીધો હતો.

સંઘના સૌ શ્રાવક-શ્રાવિકાઓ મળી ૐ પૂણ્યા હમ, પૂણ્યા હમ પ્રિયમતામ પ્રિયમતામના જયઘોષ સાથે હર્ષોલ્લાસથી ગગન ભેદી નાદ કરી પ્રભુજીની ધ્વજા લહેરાવવાનો આનંદ વિહોર ભાવથી માણી ધન્ય ધન્ય થયા હતા.









# પ.પૂ. ગુરૂદેવશ્રી ઉદયરત્ન સાગરજી મ.સા.નો વિહાર કાર્યક્રમ

આનંદના વધામણાં. અચલગચ્છના અણગારો મુંબઈ પધારી રહ્યાં છે. ગુણ ગુણના શિષ્યવંત પ.પૂ.ગુરૂદેવ શ્રી ઉદયરત્ન સાગરજી મ.સા. આદિઠાણા તા. ૮ જૂન ૨૦૨૦ સોમવાર રોજે દાંડી નવસારીથી મુંબઈ તરફ વિહાર પ્રારંભ કરશે. પૂજ્યશ્રીની વિહાર યાત્રા શાતાપૂર્વક અને સુખરૂપ થાય એજ પ્રાર્થના આપણે સૌ કરીએ.

યુવામનિશ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા.ની છ મહિનાની ઋષિમંડળ મૌન સાધના આનંદ પૂર્વક સુંદર ચાલી રહી છે.

સંપર્ક સૂત્ર ૮૮૭૯૯૮૯૭૮૭ તથા ૭૮૦૫૦૮૮૪૬૭.

# રાપર ગઢવારી નગરે જિનાલયના ધ્વજારોહણ મહોત્સવ ઉજવાયો





કચ્છ અબડાસા તાલુકાના રાપર ગઢવારી ગામે જિનાલયનો ધ્વજારોહણ મહોત્સવ જેઠ સુદ ૧૦ સંવત ૨૦૭૬ તા.૩૧ મે, ૨૦૨૦ રવિવાર રોજે ભાવપૂર્વક ઉજવાયો. આ અવસરે વિવિધ ધર્મ આરાધનાઓ વિધિપૂર્વક કરાઈ.

કાર્યક્રમ પ્રસંગ સરકારના આદેશ નિયમોનું પાલન કરી જ્ઞાતિજનો અને ગામવાસીઓ દ્વારા હર્ષભેર સંપન્ન થયો હતો. એમ સ્થાનિક મહાજનના પ્રમુખ કલ્પેશ માણેકજી મોતાએ માહિતી આપતા જણાવ્યું હતું.

# જખૌ સંઘમાં જિનાલયનો ૧૭૨મો ધ્વજારોહણ ભવ્યતાથી સંપન્ન થયો




કચ્છનાં અબડાસા તાલુકાના જખૌ તીર્થમાં સુંદર દેરાસર ભવ્યરીતે શોભી રહ્યું છે. માતુશ્રી પુંજાબાઈ ભીમશી રતનશી લોડાયા નિર્મિત નયન રમ્ય દેવાલયમાં મૂળનાયક તરીકે શ્રી મહાવીર સ્વામી બિરાજમાન છે.

અન્ય દેવ કુલમાં શ્રી સુવિધીનાથ સ્વામી, શ્રી આદિનાથ સ્વામી, શ્રી શાંતિનાથ સ્વામી, શ્રી ચંદ્રપ્રભુ સ્વામી, શ્રી ચિંતામણી પાર્શ્વનાથ સ્વામી, શ્રી ગૌતમસ્વામી દાદા સાહેબ, શ્રી કલ્યાણ સાગર સૂરિશ્વરજી મહારાજસાહેબ આદિ બિરાજીત છે. તા. ૧ જૂન ૨૦૨૦ના સોમવારના મંલગદિને અત્રેના આ ભવ્ય શિખરોથી તીર્થના જિનાલયનો ૧૭૨મો ધ્વજારોહણ મહોત્સવ સાદાઈથી છતાં પૂર્ણ પણે વિધિ વિધાનથી વિધિકાર શ્રી ચંદ્રકાંભાઈ દેઢિયા બિદડાવાળાના સાથ સહકારથી વિધિવત સંપન્ન થયો.

## જ્ઞાતિના અદના કારીગર દ્વારા કોરોના કાળમાં નિસ્વાર્થ સેવા કરાઈ





વારાપધ્ધરના હાલે ગાંધીધામમાં પોતાનો ટેલરીંગ વ્યવસાય કરતાં અદના કારીગર ભૂપેન્દ્ર લાલજીભાઈ લોડાયાએ પોતાની વ્યવસાય કલાનો કોરોના કાળમાં સદુપયોગ લોકસેવામાં કરી સામાન્ય માણસ પણ ઉપયોગી સેવા કરી શકે છે એનો દાખલો બેસાડયો છે.

ભૂપેન્દ્રભાઈ લોડાયાએ ગાંધીધામમાં વસતા જ્ઞાતિજનોને ૧૦૦૦ માસ્ક, ૫૦૦ માસ્ક પોલીસ ડિપાર્ટમેન્ટમાં તથા ૫૦૦ માસ્ક રોટરી ક્લબમાં નિઃશુલ્ક આપી ઉમદા ફરજ બજાવી. સંકટ કાળમાં સૌ પોતાની ફરજ સમજી સજાગપણે દેશ સેવા કરી શકે છે.

## સમસ્ત મહાજનની યુવા સમિતિ દ્વારા અનોખો વાર્તાલાપ યોજાયો

સમસ્ત મહાજન યુવા સમિતિ દ્વારા આજની યુવાન યુવતીઓ માટે એક અનોખો વાર્તાલાપ તા.૬-૬-૨૦૨૦ના ઈન્ટાગ્રામ પર આયોજીત કરવામાં આવ્યું હતું.

યુવા પેઢીની યુવતીઓને ફેશન, સ્ટાઈલ અને કેરિઅર ઓપ્શન પર જીલ ધવલ પોલડીયા (ડુમરા-મુલુંડ) દ્વારા વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. ડૈઝી (Daisy) મનોજ લોડાયા (નલિયા-અંધેરી) એ તેમની સાથે વાર્તાલાપ કર્યો હતો.



જીલ ધવલ પોલડીયા



ડૈઝી મનોજ લોડાયા

https://instagram.com/samast_kdo_mahajan?igshid=98nob2pmlkec

## માહિતી ઉમેરો

જ્ઞાતિમૈયા તા.૩૦ મે, ૨૦૨૦ અંક નં.૧૦૩ પાના નં.૧૫ ઉપર વેલ્યુ ઓફ ટાઈમ શિર્ષક અંતર્ગત કોરોના સમયના અનુભવો વિશે મંતવ્ય પ્રગટ થયેલ જેમાં લેખકનું નામ શરતચુક્ત રહી ગયેલ. જે સુધારીને લેખકનું નામ **પદમકુમાર ડી. નાગડા, હુબલી-નલિયા** છે. એ ઉમેરી વાંચવું થઈ ગયેલ ચૂક બદલ ક્ષમા યાચના.

**જ્ઞાતિમૈયા આપના કાર્યોને સલામ કરે છે**

**કોરોના વાયરસની મહામારીમાં જેઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાય થયા હોય તેઓએ પોતાના નામ, સરનામા અને જે કાર્ય કર્યુ હોય તેની વિગત સાથે અમારો સંપર્ક કરવો**

**મનિષા લાલકા - ૯૮૨૦૫૪૫૭૩૪**

**વર્ષા લોડાયા - ૯૮૩૩૦૭૨૮૭૯**

# KDO Chartered Accountants' Association: A brief overview - CA Ghanshyam C. Lalka and team

The KDO Chartered Accountants' Association was formed in 1993 at the hands of C.A. N.P. Sharda, Past President of ICAI under the leadership of (Late) CA Shivjibhai Vikamsey and journey of the association continued under the leadership of CA. Thakarshi M. Gosher, CA Naresh B. Shah, CA Manikant Nagda, CA Padam Poladia, CA Kishore Meisheri, CA Nilesh Vikamsey, CA Rajiv Luthia and now, CA Ghanshyam C. Lalka. Our association has been organizing the Annual Budget meeting year after year for the benefit of the CA fraternity, students and community members at large. The Association also organizes periodical study circle meetings on current topics for the benefit of its members and students and thereby pursuing the object of imparting knowledge and spreading awareness and above all, creating a platform for the novice members to emerge as faculties.

In the past, renowned faculties like Mr. K L Tilakchand (IRS), Mr. Dilip Shah (JCIT), CA Kamlesh Vikamsey, CA Rajiv Luthia, CA Ghanshyam C. Lalka, CA Jasmini A. Shah, CA Dharini Shah, CA Milind Patel, Mr. Priyesh Bheda (IRS), CS Divya Momaya, CA Raj Khona from our community have addressed on topics of Direct and Indirect Tax in the budget meetings. We also release a booklet on the Budget proposals every year.

We have also had leading experts on Equity Investments like Mr Kalpraj Dharamshi, Mr. Madhusudan Kela (Reliance MF), CA Nilesh Shah (Managing Director of Kotak Mahindra Asset Management Co Ltd.), Mr. Ravi Dharamshi (Value-quest), CA Ramdeo Agarwal (Motilal Oswal), CA Vijai Mantri (Pramerica), Mr. Utpal Sheth (CEO Rare Enterprises) Mr. Rajesh Kothari, C.A. Mukesh Dedhia, Mr. Anup Maheshwari (IIFL) addressing our meetings on Stock Markets, in the past.

Each year, our Association also felicitates a legend from our community for his achievements and contribution to the community and society at large, along with felicitation of students who clear CA, CS & ICWA exams.

Over the last two months of April and May 2020, our Association, the team has been organizing Wednesday Webinars for the benefit of KDO Chartered Accountants and the community at large, details of which are as under:

Webinar 1: Vivad Se Vishwas, Speaker: CA Nirmal Nagda, 11th April 2020.

CA Nirmal Nagda works as an Associate Director at BSR & Co LLP. He explained the salient features and the objectives of the Scheme, the procedure, and the immediate steps to be taken.

Webinar 2: Recent Amendments in Income Tax, CA Charvik Momaya, 15th April 2020.

CA Charvik Momaya is a partner at Parekh Parekh & Co. and Convenor at Ghatkopar Study Circle. The presentation was very informative and covered all the amendments that were issued in wake of COVID 19, including extension in the due dates due to the lockdown.

Webinar 3: Recent Developments in GST, CA Raj Khona, 22nd April 2020.

CA Raj Khona works as an Associate Director at Khimji Kunverji & Co LLP. He gave insights on various GST-related topics like relaxations in GST, compliances in view of COVID 19 outbreak and other related matters.

Webinar 4: Recent Amendments in Companies Act, 2013, CS Divya Momaya, 29th April 2020.

CS Divya Momaya is a practicing Company Secretary. She gave the complete gist of the recent amendments and relaxations in the Companies Act. She also explained Companies Fresh Start Scheme, 2020 and LLP Settlement Scheme.

Webinar 5: Exploring LinkedIn – Social Media Platform for Webinars, 6th May, 2020 Speaker: CA Jatin Lodaya

CA Jatin Lodaya is a mentor, trainer, visual storyteller, photographer, blogger & road tripper. Through his presentation, we were all made to understand that building a strong & professional brand is not an option but a requirement in today's technological world.

Webinar 6: Related Party Transaction – Tax and Regulatory Overview, 13th May, 2020 Speaker: CA Anjul K Motta

CA Anjul K Motta presently works as an associate director at BSR & Co. LLP. His seminar included introduction to Related Party Transactions and Transfer Pricing along with concepts of Arm's Length Price, meaning of Related Persons, compliance of related party transactions.

Webinar 7: Recent Amendments – TDS, Trust and Presumptive Tax, 16th May, 2020 Speaker: CA Mehul Shah

CA Mehul Shah is a partner at M/s. Shah, Shah & Shah. His scope of presentation included amendments to TDS Provisions, Provisions applicable to Trusts and Presumptive Taxation.

# KDO Chartered Accountants' Association: A brief overview

Amendments of TDS Provisions included Taxation of Perquisites, Sweat Equity Shares, Dividends u/s 194, Amendments concerning 44AB, and various TDS sections.

Webinar 8: Art of Investing – It is simple but not easy, 20th May, 2020 Speaker: Shri Ravi Dharamshi

Shri Ravi Dharamshi is founder & MD at M/s. ValueQuest Investment Advisors Pvt. Ltd. He spoke about his mantra of investment which is buy good and growing businesses at fair valuations and hold them forever i.e. Buy Right and Sit Tight. He believes in being greedy when others are fearful and buy when there is blood on the street.

Webinar 9: Succession Planning, Wills and Nominations, 27th May, 2020 Speaker: Adv. Minal Bharat Khona

Adv. Minal Bharat Khona is a senior advocate of high court and appointed as a notary by government. She said planning of succession is very important as world's maximum litigation is on account of succession issues. She touched upon subjects like Estate planning, Nominations, importance and characteristics of will, Inheritance and distribution of property, Lapse of legacy, importance of signature in will, methods of cancelling a will and common mistakes while making a will.

Webinar 10: Cyber Security for professions and businesses, 3rd June, 2020 Speaker: Shri Sachin Dedhia

Sachin Dedhia is an independent cyber-crime investigator, a certified ethical hacker and Founder & CE0 at Skynet. He gave information regarding Flexispy application which once installed can be used to take control of your phone for which anti-spy antivirus application should be installed. He gave information about fake websites, security while using Zoom, identifying fake news, how to check

whether your Gmail account has been hacked, few guidelines for debit/credit fraud victims, locking/unlocking your biometric device and generating/retrieving Virtual Aadhar ID.

Following are the forthcoming webinars:

Webinar 11: Hast Mudra Vigyaan by CA Vishal Lalka, 10th June 2020 (To join, click here: https://global.gotomeeting.com/join/711276037)

Webinar 12: Provisions of Companies Act, 2013 with respect to MSMEs by CA Hasmukh Dedhia, Partner, KKC & Co LLP, 17th June 2020 (registration link will be announced later)

Webinar 13: - Advantages of filing IT returns by CA Padam Poladia - New IT Return Forms by CA Hitesh Dharamshi 24th June 2020 (registration link will be announced later)

All are invited to attend. To register your interest for the webinars, please email your name, number & organization details on kdocaassociation@gmail.com



**Managing Committee, KDO Chartered Accountants' Association**

Sitting (L-R): CS Divya Momaya (Member), CA Neeta Dharamshi (Member), CA Paulomi Dharamshi (Member), CA Payal Maisheri (Member)

Standing (L-R): CA Raj Khona (Member), CA Gautam Shah (Vice President), CA Ghanshyam C. Lalka (President), CA Hitesh Dharamshi (Secretary), CA Devang Dand (Treasurer), CA Charvik Momaya (Member)

# કોઠારા જૈન મહિલા મંડળની ઓપન ડેક બસ પિકનિક યોજાઈ





ગામની બહેનો માટે અલગતા ભર્યા રસપ્રદ કાર્યક્રમ આપતા મંડળએ કૌન બનેગા કોઠારી ક્વીનની અગાઉ બે કાર્યક્રમો યોજ્યા હતા. જેમાં ઓપન ડેક બસની પિકનીક યોજાઈ હતી. જે સૌ બહેનો માટે આનંદ વિભોર બની રહી. સૌ મેમ્બર્સ બહેનોને આ પિકનિક ભેટ રૂપ હતી. આ પિકનિકમાં મેમ્બર્સ અને અતિથિ મળી ૭૫ બહેનો જોડાઈ હતી. ખાણી-પીણી, રમતગમત, આનંદ પ્રમોદ સાથે અંતાક્ષરીની ભરપૂર મોજમજામાં બહેનો તરબોળ થઈ ગઈ. કમિટી મેમ્બર્સના સથવારે આ કાર્યક્રમ સફળતાને વર્યો હતો અને સહભાગ લેનાર સૌ બહેનો યાદની પળો મનમાં સંઘરી અને સ્મૃતિઓ મોબાઈલમાં ક્લીક કરી ઘરે લઈ ગયા.

# કોઠારા જૈન મહિલા મંડળ દ્વારા કોઠારા ક્વીન સ્પર્ધા યોજાઈ




શ્રી કોઠારા જૈન મહિલા મંડળ દ્વારા આ વરસનો ત્રીજો રંગારંગ કાર્યક્રમ તા. ૩૦ મે રવિવારના રોજે યોજાયો હતો. સમય સૂચકતા અને સંજોગોને આધિન નિયમોને ધ્યાનમાં રાખીને આધુનિક ટેકનોલોજીના સથવારે કદમ મિલાવી ઓન લાઈન સંગીતના સથવારે મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી કલ્પના દીપક ધરમશી એ બખૂબીથી રજૂ કરેલ હતું. એક નોખા અને અનોખા અંદાજ સાથે વૈવિધ્યતાથી પીરસાયેલ આ કાર્યક્રમ જેમાં બુદ્ધિની કસોટી કરતા સવાલોને તાલ બદ્ધ કંડારીને જૈન ધર્મ, વુમેન એમ્પાવરમેન્ટ, બોલીવુડ ક્ષેત્રોને આમેજ કરીને આબેહુબ તારવણીથી નવીનતમ ઢબે 'કૌન બનેગા કોઠારા ક્વીન'નું અદ્‌ભૂત આયોજન થયું. સૌ બહેનોએ આ કાર્યક્રમને રસપૂર્વક માણ્યો.

આ અનોખી સ્પર્ધામાં તરલા શિયાલ 'કોઠારા ક્વીન'નું બિરૂદ હાંસલ કર્યું. ચેતના મોતા, તેજલ લોડાયા અને લજિતા ખોના રનરઅપ રહ્યાં હતા. તદ્‌ઉપરાંત બેસ્ટ પર્ફોમર, સુપર સ્ટાર્સ, રોક સ્ટાર્સ વિગેરે પણ ખિતાબો એનાયત થયા.

સૌ બહેનોએ આ અવનવો અનોખો આહલાદ કાર્યક્રમ ઘરેથી સૌની સાથે પરિવારજનો સંગે માણ્યો. જેને લીધે આ કાર્યક્રમને ચાર ચાંદ લાગી ગયા. સૌ મેમ્બર્સ બહેનોએ કાર્યક્રમ માણી રોમાંચકતા અનુભવીને રમતમાં જ્ઞાન સાથે ગમ્મતની પ્રેરણા સાથે આગામી કાર્યક્રમની ઈન્તેજારી રહેશે એવો અભિપ્રાય આપ્યો. સૌ બહેનોએ સાથ સહકારની ખાત્રી પણ આપી હૂંફની ભાવના વ્યક્ત કરી હતી.

# પાલિતાણા ખાતે શત્રુંજયની યાત્રા કરવા અંગેની મહત્વની માર્ગદર્શિકા જાહેર કરાઈ

હાલ કોરોના મહામારીને કારણે લોકડાઉનની સ્થિતી સર્જાઈ હતી ત્યારે દેશ ભરમાં સમગ્ર ધાર્મિક સ્થાનો બંધ રખાયા હતા પરંતુ હવે સરકારના આદેશ મુજબ પાલિતાણા શત્રુંજય ડુંગર પર યાત્રા શરૂ કરાશે પરંતુ સરકારી મંજુરી અને નિયમોને આધિન કરાશે. પરંતુ જો નિયમોમાં ખામી જણાશે તો યાત્રા બંધ કરવામાં આવશે.

- તળેટીથી યાત્રા શરૂ કરો ત્યારે નો પ્લાસ્ટીક ઝોનના બેરીકેટ પાસે હાથને સેનિટાઈઝ અને ટેમ્પરેચર ગનથી ચેક કરવું ફરજીયાત રહેશે.
- રામપોળ, નવટુંકના પ્રવેશદ્વાર પર ઉષ્ણતામાન ચેક કરાવવું.
- હેન્ડ ગ્લોવઝ પહેરીને યાત્રા કરવી, માસ્ક ફરજીયાત પહેરવું.
- ઘેટીપાગ અને રોહીશાળાથી યાત્રા શરૂ કરેલ નથી.
- સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવું અને દાદાના દર્શન રંગમંડપ પાદુકા, પુંડરીક સ્વામીની પૂજાની બોલી બોલશે નહીં, પાસ ધરાવનાર જ પૂજા કરી શકશે.
- નવા આદેશ્વર, રાયણ પાદુકા, પુંડરીક સ્વામીની પૂજાની બોલી બોલશે નહી, પાસ ધરાવનાર જ પૂજા કરી શકશે.
- યાત્રા દરમ્યાન હનુમાન ધારાએથી પાસ અપાશે અને પાસમાં આપે ક્યા સ્નાન કરવાનું છે એ અતે ક્યા જિનાલયમાં દેરીમાં ભક્તિ પૂજા કરવાની છે તે નિર્દેશ કરવામાં આવશે.
- યાત્રા સવારે ૬ થી બપોરે ૧૨ સુધી શરૂ રહેશે. ૯ કલાકે પૂ. દાદાની આંગી ચડી જશે.
- યાત્રા કરવા જતા પૂ.સાધુ સાધ્વીજી ભગવંતોએ માહિતી કેન્દ્ર ખાતે નોંધણી કરાવવી.
- પૂ. સાધુ સાધ્વીજી ભગવંતો માટે બાવન જીનાલય ખાતે ચૈત્યવંદન વગેરેની વ્યવસ્થા કરવામાં આવશે.
- તળેટીએ કોઈ યાત્રાળુ ચૈત્યવંદન કરી શકશે નહીં.
- ૧૦ વર્ષથી નાના અને ૬૫ વર્ષની ઉમર હોય તેઓને સાથે ન લાવવા.


જ્ઞાતિમૈયા માં
આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો
Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosm.org
અથવા વોટસએપ પર મોકલો
9769991922
9820302853
9322257731

VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY
મેહંદી ના ઓર્ડર પર લઈ જવા માં આવશે.
CERTIFICATE COURSE
All Types of Mehendi & Personality Development
40 Years Experience in Mehendi
• Basic
• Floral
• Cutwork
• Movie Mehendi
• Figure
• Western
• Portrait
Etc.
Special Discount KDO

BATCH IS STARTING FROM 2ND JAN2019
For Inquiry & Admission Time : 11 am to 4 pm
Working Women's Special Batch on Sunday
OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.
Add : 52,Anant Niwas,Third floor, Bhat Bazar,N.N.Street, Masjid Bunder(W), Near Railway Station Above E.H.Kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com
Special Discount For S.S.C
We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com

# વિશ્વ શાંતિ માટેના સામૂહિક નવકારમંત્ર જાપમાં કેડીઓ જ્ઞાતિજનો જોડાયા





સમગ્ર વિશ્વમાં ફેલાયેલી કોરોના મહામારી સંકટમાં વિશ્વભરનાં જીવોની રક્ષા માટે જૈનધર્મના પુણ્ય પ્રભાવક એવા શ્રી નવકાર મહામંત્રના ૧૨ કરોડથી વધુ સામૂહિક જાપનું આયોજન નવકાર પરિવારનાં ઉપક્રમે જૈનોનાં તમામ ફિરકાઓએ સાથે મળીને કર્યું હતું. જેમાં જૈનોનાં આચાર્ય ભગવંતો, શ્રમણ-શ્રમણીવૃંદ સાથે શ્રાવક-શ્રાવિકાઓ, જૈન-જૈનેતરો જોડાયા હતા.

સવારે ૮-૪૧ મિનિટે શરૂ થયેલા આ નવકાર મંત્ર જાપ બપોરે ૧૨-૪૧ મિનિટે પૂરા થયા હતા. સમગ્ર વિશ્વ કોરોના સંકટમાંથી મુક્ત બને તેવી પ્રાર્થના સાથે નવાણું કરોડ, નવાણું લાખ, નવાણું હજાર નવસો નવાણું નવકાર મંત્ર જાપમાં સૌ જોડાયા હતા. નવકાર મહામંત્રના સ્મરણથી જગતનાં સર્વે જીવોને શાતા મળે, એવા ભાવ સાથે યોજાયેલા આ જાપમાં સમગ્ર વિશ્વ સાથે કચ્છ પણ જોડાયું હતું.

પૂ. મુનિભગવંતો, પૂ. સાધ્વીશ્રી ભગવંતો, મહાસતીજીઓએ પ્રેરક પ્રેરણા આપી હતી. કોરોના મહામારીને નાથવા આ આયોજન ધર્મેશ નિસર, નવકાર પરિવાર, સમગ્ર જૈન સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું. કચ્છનાં ૭૨ જિનાલય મહાતીર્થે તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. તથા મુનિભગવંતો, સાધ્વીશ્રી ભગવંતોએ જાપ કર્યા હતા. જૈનોનાં ગુરૂભગવંતો જ્યાં જ્યાં બિરાજમાન છે તેવા ઉપાશ્રય, સ્થાનકોમાં તથા કચ્છમાં દરેક શહેરો-ગામો જ્યાં જૈનોની વસ્તી છે ત્યાં સમુહજાપ યોજાયા હતા. સરકારશ્રીની ગાઇડલાઇન અને નિયમોનું પાલન કરી દરેક ભાઇ-બહેનોએ પોત-પોતાના ઘરમાં બેસીને સમૂહજાપ કર્યા હોવાનું શ્રી પ્રબોધ મુનવરે જણાવ્યું હતું.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# કેડીઓ મહિલા મંચ અમદાવાદ દ્વારા કોરોના વોરીયર્સની કામગીરીને બિરદાવાઈ





SHRI KDO JAIN MAHAJAN
MAHILA
MANCH
AHMEDABAD



કેડીઓ મહિલામંચ અમદાવાદ દ્વારા મહિલા મંચની બહેનો હમ ગુજરાતી સાથે છીએ તમારી, હું ગુજરાતી... અમે ગુજરાતી... સૌ ગુજરાતી સાથે છીએ તમારી, નાતજાતને ધર્મ ભૂલાવી હરાવીશું આ મહામારી. ના શબ્દો દ્વારા જોશ આપતું. સાથ સહકારનો અડગ નિર્ધાર વ્યક્ત વિડીયો બનાવાયો છે.

શરૂઆતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કોરોના વિષયેના દેશના સૌ પ્રજાજનોને સાથ આપવાની હાકલ કરતું સંભાષણ પછી સૌ બહેનો આ ગીત ઉપર પોતાના ભાવ અભિ વ્યક્ત કરી કોરોના સામે લડતા ડોક્ટરો, નર્સ, મેડિકલ સ્ટાફ, પોલીસ ફોર્સ અને સફાઈ કર્મચારીઓની કામગીરીને બિરદાવી તેમની પ્રશસ્તિ કરાઈ છે. વિડીયો ૩.૪૬ મિનીટનો છે. આ વિડીયાનું એડીટીંગ અમર રાજેશ ધરમશી દ્વારા કરવામાં આવ્યું છે.

વિડીયો ક્લીપમાં પોતાના ભાવ અભિનય દ્વારા વ્યક્ત કરનાર બહેનો છે. યોગી શાહ, હેતલ દંડ, મિનલ દંડ, હેજલ ધરમશી, અદિતી લોડાયા, રશ્મિ ખોના, કવિતા નાગડા, કુંદન ધરમશી, અવંતી દંડ, હિરલ દંડ, સારિકા ડાઘા, પૂજા ભારાણી, બિજલ શાહ, કવિતા લાલકા, ચાર્મી મૈશેરી, દીપા લોડાયા, નેહા ખોના, વૈશાલી લોડાયા, કિન્નરી લોડાયા, મીરા ધરમશી અને ઝલક મૈશેરી.



# લોકડાઉનની પરિસ્થિતિમાં કોને શું શીખવા મળ્યું?!! એ વિશે જ્ઞાતિજનોના મંતવ્ય

## પોતાની આંતરીક શક્તિ અને ક્ષમતા વધારો અને સંતોષી જીવન જીવો



C.A. જયશ્રી નવીન જૈન
(ધુલ્લા) - બાયઠ (મુલુંડ)

મારા માટે લોકડાઉન અનોખો અનુભવ રહ્યો. આપણે નસીબદાર છીએ. આ દરમ્યાન રોજીંદા બેઝીક જીવનમાં ખાસ તકલીફ પડી નથી. રસોઈ અને ઘરકામની બાઈઓની ગેરહાજરી થકાવી ગઈ પણ પુરુષ સભ્યોના સાથથી બધુ વ્યવસ્થિત થઈ શક્યું.

વર્ક ફ્રોમ હોમ કરીને ડીફરન્ટ વેબિનાર્સ અટેન્ડ કરીને નોલેજ ગેઈનીંગ અને અપડેશન કર્યું. બચપણના વાંચનના શોખને પૂરો કર્યો. વર્ષોથી જમા કરેલા પુસ્તકો જે સમયના અભાવે વાંચી શકાયા ન હતા એ વાંચ્યા. માતૃભાષાથી ફરી કનેક્ટ થઈ ગુજરાતી નાટકો, ફિલ્મો, કલાકારોને માણ્યાં. નવી ટેક્નોલોજી એડોપ્ટ કરી. નવી એપ્સ વાપરતાં શીખી. ઓનલાઈન મિડીયાથી સગા સંબંધી મિત્રો, પડોશીઓ સાથે ઘરોબો વધાર્યો. સમયની પાબંદી હટી જતાં મેન્ટલ સ્ટ્રેસ પણ દૂર થયું.

મારા મતે ઈકોનોમીને નુકસાન થયું. સમાજના નિમ્ન વર્ગના લોકોને તકલીફો પડી પણ ઓવરઓલ લોકડાઉન આપણી બે મર્યાદ ગતિને અટકાવવા ખૂબ જ જરૂરી હતો. ખોટી રીતભાત, ખોટા ભભકા ભોતિકવાદ છોડીને પોતાની આંતરીક શક્તિ અને ક્ષમતા વધારો અને સંતોષી જીવન જીવો.

## ભગવાન દ્વારા મળેલ ગોલ્ડન પિરીયડ



હર્ષા મનોજ નાગડા
(ખામગામ-મહારાષ્ટ્ર)

લોકડાઉનના સમયમાં એક ચિંતાનો વિષય એ છે કે હું એક ચેસ કોચ છું. બધું બંધ હોવાથી આગળ ચાલીને આર્થિક તંગીનો અનુભવ ચિંતાનો વિષય બની શકે છે છતા પણ એક સારો અનુભવ રહ્યો. લોકડાઉન શબ્દો મારા જીવનના વરદાન શબ્દો બન્યાં છે, ૫૦ વર્ષના જીવનકાળમાં ભગવાન દ્વારા મળેલ આ ગોલ્ડન પિરીયડ છે. ૧૪ એપ્રિલે મોદીજીના ઘોષણા પહેલા મારા મનમાં વિચાર આવ્યો કે આવનાર કટોકટીનો સમય ભગવાનની ભક્તિનો છે. જે લોકોના ભાવનાત્મક વિકાસ માટે છે (જૈન ધર્મની ચોખાથી ગહુલી બનાવવાની વિધિ) ગહુલી શીખવવાની નિઃશુલ્ક સેવાની શરૂઆત કરી. રાત સુધી ૧૫૦૦-૧૬૦૦ લોકો લિંક દ્વારા ૬ ગ્રુપમાં લોકો જોડાયા. ૧૭ એપ્રિલથી ફેસબુક પેજ અને યુટ્યુબ ચેનલ (જૈન ગહુલી બાય હર્ષા મનોજ નાગડા) સાથે ૩૦૦૦ લોકો જોડાયા.

હું એક નાના શહેર ખામગામ-મહારાષ્ટ્ર છું. આધુનિક યુગના મોબાઈલ માધ્યમથી ૧૦૦૦૦ લોકો વચ્ચે મેં મારી ઓળખ બનાવી આ માટે મારા પરિવારે પણ મને સાથ સહકાર આપ્યો.

## જીવન ઘટમાળ

**• મરણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭.૦૬.૨૦૨૦ | મુલુંડ | નેણબાઈ મોતીલાલ લાપસીયા | રંગપુર | ૯૯ |
| ૦૬.૦૬.૨૦૨૦ | અમદાવાદ | પુરબાઈ કાનજી ધરમશી | જખૌ | ૮૧ |
| ૦૫.૦૬.૨૦૨૦ | માટુંગા | અજીત પ્રેમચંદ લોડાયા (ભામાવારા) | મોટી ખાવડી | ૫૫ |
| ૦૨.૦૬.૨૦૨૦ | ડોંબિવલી | શૈલેન્દ્ર જયંતિલાલ લોડાયા | સુથરી | ૬૫ |
| ૦૨.૦૬.૨૦૨૦ | સેંધવા | હિરાવંતી ચીમનલાલ મોમાયા | બારોઈ | ૭૭ |



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડની દ્વિતીય બેઠક ગાંધી નગર ખાતે મળી હતી જેમાં બોર્ડના હોદેદારો અને સભ્યોની ઉપસ્થિતિમાં વિવિધ મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ કારોબારીમાં સાત સભ્યો સમાવેશ કરાય છે. જેમાથી કચ્છમાંથી જીવદયા ક્ષેત્રે કાર્યરત સુપાર્શ્વ જૈન સેવા મંડળના પ્રમુખ કૌશલ મહેતાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

● આદિપુરના નવજ્યોતિ ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે ત્રીજી મહિલા ક્રિકેટ સ્પર્ધા યોજાઈ. જેમાં કચ્છ ડિસ્ટ્રીક રૂરલ ક્રિકેટ એસોસિયેશનની ટીમ સતત ત્રીજા વર્ષે ચેમ્પિયન થઈ હતી જ્યારે આર.ડી. ફાઈટર ટીમ બિદડા રનર્સઅપ રહી હતી. વિજેતા ટીમને રોકડ પુરષ્કાર તેમજ ટ્રોફી તથા દરેકને ખેલાડીને મેડલ અપાયા હતા. ટુર્નામેન્ટમાં આઠ મહિલા ટીમે ભાગ લીધો હતો. પ્રારંભિક મેચ આઠ ઓવરની જ્યારે ફાઈનલ મેચ દસ ઓવરની રમાઈ હતી.

● કચ્છ નર્મદા જળ અભિયાન સમિતિના આગેવાનો ગાંધીનગર ખાતે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પડેલને મળી કચ્છને ફાળવાયેલા નર્મદા યોજનાના વધારાના પાણીના કામો માટે બજેટમાં માત્ર ૧૦૦ કરોડની જોગવાઈને નજીવી ગણાવી વધુ રકમ ફાળવાની રજૂઆત કરી હતી. જેના પ્રત્યુત્તરમાં નાયબ મુખ્યતંત્રી આ માટે વધુ એક હજાર કરોડનું ભંડોળ અનામત રખાયાની જાહેરાત કરી હતી. આ પૂર્વે પ્રતિનિધિ મંડળ પાણી સપ્લાય ખાતાના મંત્રી કુંવરજીભાઈ બાવળિયાની પણ મુલાકાત લીધી હતી.

● કચ્છના દરિયામાં સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭માં દરિયામાં કરાયેલા સંશોધનમાં કચ્છ અખાત દરિયામાં ૭૧ એમએમટીઆઈ હાઈડ્રોકારબનનો જથ્થો હોવાનો અંદાજ મળ્યો છે. કચ્છના અખાતમાં ખંભાત, સૌરાષ્ટ્ર અને કચ્છ ક્ષેત્ર છે. આમા ખંભાતમાં ૨૫૮૫, સૌરાષ્ટ્રમાં ૧૩૨૫ જ્યારે કચ્છમાં ૮૯૮ એમ.એમ.ટી.આઈ. આ ઉપરાંત લખપતના દરિયા પાસે ઓએનજીસી સાઈટએ એક ટ્રિલીયન કબુબિક ફીટ ગેસનો જથ્થો છે. દરિયાની સપાટીથી ૨૦૦ મીટર નીચે આ ગેસ ધરબાયેલું છે.

● કોરોના વાયરસના મહામારીના કારણે કવીઓ સમાજના પાંચ ગામો સમાઘોઘા, બેરાજા, વાંકી, પત્રી અને વડાલાના મહાજનોએ મુંબઈના નોકરિયાત કે આર્થિક રીતે જરૂરિયાતમંદ સાધર્મિક પરિવારોને જીવન જરૂરિયાત ચીજ વસ્તુઓની કિટ તથા દર અઠવાડિયે રૂા. ૧૫૦૦ રોકડ સહાય આપવાનો નિરધાર કર્યો છે.

● વિશ્વભરમાં આતંક મચાવનાર કોરોના વાયરસને કારણે સંક્રમણથી સહેલાઈથી બચી શકાય એ માટે નાક-મોઢું ઢાંકવું જરૂરી છે. જિલ્લામાં વિવિધ સંસ્થાઓ, દાતાઓ તેમજ દરજી સમાજ દ્વારા ગ્રામજનો, સફાઈ કામદારો, ફેરિયાઓને તથા પોલીસ જવાનોને છ હજાર જેટલા માસ્કનું નિઃશુલ્ક વિતરણ કરાયું હતું.

● અંજાર નગર પાલિકા દ્વારા કોરોના વાયરસની મહામારીને કારણે સાવચેતી પગલાં રૂપે શહેરમાં વિવિધ સ્થળે હાથ ધોવાના સ્ટેન્ડ જેમાં સાબુ તથા હેન્ડવોશની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. લોકો વેપારીઓ, હાથલારી વિક્રેતાઓ વિગેરે આ લાભ લઈ પોતાની સુખાકારી જાળવી શકશે.

● અંજારના દશમી સદી પુરાણા ભરેશ્વર મહાદેવ મંદિર ૨૦૦૧ના ભૂકંપમાં જર્જરિત થયે ૧૯ વર્ષ થયા. આજ સુધી તેના મરમત કે નવીનીકરણ ન થતાં શ્રદ્ધાળુજનોમાં નારાજગી પ્રર્વતે છે. મહાદેવ નગર વિસ્તારમાં આવેલું દશમી સદીનું પૌરાણિક ભરેશ્વર મહાદેવ મંદિરનું ગુંબજ ભૂકંપને લીધે ધરાશાયી થયું હતું. જેને આજ દિન સુધી ઉપર નાખીને વહીવટી તંત્ર એ સંતોષ માની લીધો છે. તેમજ મંદિરમાં અન્ય નાની દેરીઓને પણ ઘણુંજ નુકસાન થયું છે. મંદિરના વહીવટ સરકાર હસ્તક લેવાથી કોઈ જાતની સંભાળ ન લેવાથી હાલત સમય જતા વધુ જર્જરિત થઈ રહી છે. સતાવાળાઓ જાગે અથવા ધર્મપ્રેમી સંસ્થા આગળ આવીને સત્વરે મંદિરનો જીર્ણોધ્ધાર કરે એવી માંગ શ્રદ્ધાળુ ભક્તજનો કરી રહ્યાં છે.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL


KDO Gyatimaiya Weekly E-magazine KDO